પૂર્વછાયો- **કહું** દેશ કાનમમાં, એક ઈંટોલું ગામ ।
ભક્ત ભલા કણબી કુળે, જાણો જીજીભાઈ નામ ॥૧॥
સતસંગમાં શિરોમણિ, વળી હરિમાં ઘણું હેત ।
અચળ કીધો આશરો, સોંપી તન મન ધન સમેત ॥૨॥
આયુષ્ય ખૂટે આવિયો, ભાઈ એના દેહનો અંત ।
તેને આવ્યા તેડવા, નિજભક્ત જાણી ભગવંત ॥૩॥
નિજ સખા બહુ સંત સાથે, મોટા મોટા મુનિરાજ ।
સુવર્ણમય રથમાંઈ, બેસી પધાર્યા મહારાજ ॥૪॥

ચોપાઇ- આવ્યા અર્ધરાત્રે અવિનાશ, થયો ગામમાં બહુ પ્રકાશ ।
એક દ્વિજ ભક્ત બાપુભાઈ, છોડ્યો રથ તેના ફળિમાંઈ ॥૫॥
જાગી લાગિયા બાપુજી પાય, નિર્ખિ નાથને તૃપ્ત ન થાય ।
કહે થયો કૃતારથ આજ, તમે ઘેર પધાર્યા મહારાજ ॥૬॥
હવે રહો રાજી થઈ નાથ, એમ કહે ઉભો જોડી હાથ ।
પછી બોલિયા શ્રી મહારાજ, અમે આવ્યા જીજીભાઈ કાજ ॥૭॥
એને તેડી જાશું આજ અમે, સત્ય માનો બાપુભાઈ તમે ।
ત્યારે બોલ્યા બાપુભાઈ એમ, એને મેલી જાઓ કહીએ કેમ ॥૮॥
પણ સત્સંગમાં એહ જેવા, બીજા નથી શિખામણ્ય દેવા ।
ત્યારે નાથ કહે નહિ લૈયે, લેશું એના બળદને તૈયે ॥૯॥
ત્યારે બોલ્યા બાપુ હરિજન, પ્રભુ એવું શિયું એનું પુણ્ય ।
ત્યારે શ્રી હરિ કહે સંત અર્થે, જુત્યોતો એ રસોઈને રથે ॥૧૦॥
માટે લઈ જાશું એને આજ, એમ કહી પધાર્યા મહારાજ ।
પછે બાપુભાઈ તેહ પળે, ગયો જીજીભાઈને પાસળે ॥૧૧॥
કહે હમણાં પધાર્યાતા નાથ, બહુ સંત હતા હરિ સાથ ।
તેતો તેડવા આવ્યાતા તમને, પણ રાખી ગયા કહ્યું અમને ॥૧૨॥

પણ એ વાત સાચી તો મળે, જાયે બળદ તમારા પાસળે ।
પછી કરી દિવો જોયું જઈ, ત્યાંતો બળદિયાના પ્રાણ નઈ ॥૧૩॥
પછી સહુને તેડી કરી વાત, જે દિઠિતી નજરે સાક્ષાત ।
તેહ સાંભળી આશ્ચર્ય પામ્યાં, ધન્ય સ્વામી કહી શિશ નામ્યાં ॥૧૪॥
કહે પરચો થયો છે આ ભારી, એમ કહેવા લાગ્યાં નરનારી ।
વળી વાત બીજી એક કહું, તમે સાંભળજ્યો જન સહુ ॥૧૫॥
કાનમમાં માંગરોળ ગામે, કણબી ભક્ત ત્યાં બેચર નામે ।
કરે ખેતી તે નિર્વાહ કાજ, મુખે ભજે સ્વામી શ્રીમહારાજ ॥૧૬॥
પાળે વ્રત પ્રતિમામાં પ્રીત, ખેતીવાડીમાં ન બેસે ચિત્ત ।
ત્યારે સરકારે કહ્યું બોલાવી, ભર રૂપૈયા અમને લાવી ॥૧૭॥
એમ કહીને બેસાર્યો તર્ત, આપે ક્યાંથી ગાંઠે નહિ ગર્થ ।
બેઠાં વિતિ ગયા બેઉ દન, લેવા દિધું નહિ જળ અન્ન ॥૧૮॥
ત્યારે બેચરે કર્યો વિચાર, પ્રભુ કેમ ઉતારશો પાર ।
મારેતો બળ એક તમારૂં, બીજો નથી તમ વિના વારૂં ॥૧૯॥
એમ કહેતાં પધાર્યા મહારાજ, નિજજન છોડાવવા કાજ ।
દેખી દુષ્ટ ગયા દલે ડરી, ભાંગી બેડી તોડી ચાલ્યા હરિ ॥૨૦॥
લઈ સર્વે એનો જે સમાજ, પહોંચાડ્યો જ્યાં બીજાનું રાજ ।
સરવે જખ મારી રહ્યા જોઈ, કેડ્યે આવી શક્યા નહિ કોઈ ॥૨૧॥
એમ કરી અલૌકિક કાજ, પછી પધાર્યા ત્યાંથી મહારાજ ।
વળી વાત કહું એક સારી, સુણો સર્વે છે ચમતકારી ॥૨૨॥
એક કાનમે કરાલી ગામ, બહુ ભક્ત વસે એહ ઠામ ।
અતિ હેત પ્રીત્યનો નહિ પાર, એવા હરિજન નરનાર ॥૨૩॥
તિયાં પરચા થયા છે બહુ, લખું કેટલા કેટલા કહું ।
અંતકાળે તજે જન તન, આવે તેડવા શ્રીભગવન ॥૨૪॥
રથ વેલ્ય વિમાન ને વાજી, બેસી જાય તેપર થઈ રાજી ।
એવા પરચા થાય છે લાખું, તેતો કેટલાક કહી દાખું ॥૨૫॥
પણ કહું વાત એક વળી, સર્વે જન લેજ્યો તે સાંભળી ।

એક પાટીદાર નાનોભાઈ, થાય દુઃખી મંદવાડમાંઈ ॥૨૬॥
તજયું ખાવું પિવું જળ અન્ન, તેને વીતિ ગયા બહુ દન ।
જેજે જોવા આવે જન પાસ, તેને નહિ એના જીવ્યાની આશ ॥૨૭॥
પછી એક દાડે એમ થયું, નાડી પ્રાણાદિ કાંઈ ન રહ્યું ।
પછી સંબંધિ સર્વે ત્યાં મળી, કાઢો કાઢો કહે વળી વળી ॥૨૮॥
થયા તૈયાર લઈ સમાજ, ત્યારે પધાર્યા શ્રીમહારાજ ।
લાવ્યા રથ વેલ્ય ને વિમાન, આવ્યા સંત ભેળા ભગવાન ॥૨૯॥
સહુ જનને દર્શન થયાં, કોઈ દર્શન વિના ન રહ્યાં ।
જોઈ જન થયાં છે મગન, કહે ભલે આવ્યા ભગવન ॥૩૦॥
ત્યારે બોલિયા શ્રીમહારાજ, અમે આવ્યા નાનાભાઈ કાજ ।
તેને તેડી લઈ જાવાતા સાથ, પણ મેલી જાશું કહે નાથ ॥૩૧॥
પછી નાનાને કહે મહારાજ, તને તેડી નહિ જાઈએ આજ ।
માટે અન્ન જળ હવે લેજયે, સુખે સ્વામિનારાયણ કહેજયે ॥૩૨॥
એમ કહી ચાલ્યા ભગવન, જગજીવન જીવાડી જન ।
જોઈ આશ્ચર્ય પામિયાં સહુ, કહે આતો વાત મોટી બહુ ॥૩૩॥
આથી પર્યો બીજો શિયો કહીએ, સહુ વિચારી જીવોને હૈયે ।
વળી વાત કહું બીજી એક, સુણો સામર્થી હરિની વિશેક ॥૩૪॥
એક ભક્ત છે જેઠિયો બાળ, તેના દેહનો આવિયો કાળ ।
થયો માંદો ને ન બોલે મુખ, તેને જોઈને કહે વિમુખ ॥૩૫॥
કહે આને તો વળગ્યું ઝોડ, શું જોઈ રહ્યા કરોને ધ્રોડ ।
ત્યારે બોલિયો છે એનો તાત, એવી કરશો માં કોઈ વાત ॥૩૬॥
મરે જીવે તેનું નહિ કાંય, પણ ભૂવા પાસે ન જવાય ।
થાશે હરિનું ગમતું હશે, તેનો શિદને કરવો સંશે ॥૩૭॥
એહ વાત સુણી નહિ કાન, ત્યાંતો પધારિયા ભગવાન ।
એક બાઈ હતી હરિજન, દિધાં આવી તેને દરશન ॥૩૮॥
બાઈ પાય લાગી જોડી હાથ, કહે ક્યાંથી પધારિયા નાથ ।
કહે નાથ આવ્યા અમે આજ, જેઠિયાને તેડવાને કાજ ॥૩૯॥

પણ મેલી જાશું આજ એને, કહેજયે વાત જઈને તું તેને ।
તેનું આપીએ તને એંધાણ, આપ્યું કુંકુમ અલૌકિ જાણ્ય ॥૪૦॥
કરજયે ચાંદલો આનો તું જઈ, સ્વામિનારાયણ નામ લઈ ।
બેઠો થઈને બોલશે બાળ, એમ કહીને ચાલ્યા દયાળ ॥૪૧॥
પછી બાઈ આવી તેને પાસ, કહ્યું આવ્યા હતા અવિનાશ ।
આપ્યું કુંકુમ ચાંદલો કરવા, કહ્યું નથી જેઠિયાને મરવા ॥૪૨॥
પ્રભુ પધાર્યા હતા સાક્ષાત, કહી સરવે મુજને વાત ।
સહુ સાંભળી થકિત થયાં, ધન્ય ધન્ય પ્રભુ કહે રહ્યાં ॥૪૩॥
દિહું કુંકુમ અલૌકિ એહ, થયો તર્ત બેઠો જેઠો તેહ ।
મળી વાત કહી હરિજનને, થયો પર્ચો એ માનિયું મને ॥૪૪॥
વળી એક વારતા અનુપ, સહુ સાંભળજયો સુખરુપ ।
એહ દેશમાંયે રણુગામ, ત્યાં જોગી પ્રભાતગર નામ ॥૪૫॥
સહુ જાણે એ મોટો છે સિદ્ધ, રાજા પ્રજામાંહિ તે પ્રસિદ્ધ ।
તેણે સુણી સંતની વારતા, જાણ્યા સ્વામીને કલ્યાણ કરતા ॥૪૬॥
પછી તજી સંન્યાસિની રીત્ય, કરી પ્રકટ પ્રભુજીશું પ્રીત્ય ।
એમ કરતાં વીત્યા બહુ દન, અવધ્યે ત્યાર થયા તજવા તન ॥૪૭॥
ત્યારે તેડવા આવ્યા મહારાજ, લાવ્યા બહુ વિમાન બાવાકાજ ।
આવી કંઠમાં આરોપ્યો હાર, આપ્યો તોરો કહ્યું થાઓ ત્યાર ॥૪૮॥
પછી બાવોજી બેઠા વિમાન, તેડી ચાલ્યા પોત્યે ભગવાન ।
આપ્યો હતો હાર તોરો જેહ, રહ્યો પ્રકટ કોટમાં તેહ ॥૪૯॥
સહુ દેખીને પામ્યા આશ્ચર્ય, કહે જુવો આ તોરો ને સ્રજ ।
આતો અલૌકિક વાત બહુ, એમ કહે જન મળી સહુ ॥૫૦॥
આતો પ્રતાપ મહારાજ તણો, સ્વામી સહજાનંદજીનો ઘણો ।
એમ પરચા બહુબહુ થાય, તે નિષ્કુળાનંદે ન લખાય ॥૫૧॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિવિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીજીમહારાજે હરિજનને પરચા પૂર્યા એ નામે એકસો ને પચાશમું પ્રકરણમ્ ॥૧૫૦॥